સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

(રજત જયંતી વર્ષ)

પરેડ-સભા-ભરવાં પડે - કોરોના સમજે છે!
નેતાજી-રાજી રાખવા પડે - કોરોના સમજે છે!
કરવાં પડે આંખ-મિંચામણા ચૂંટણીમાં પણ -
સાંસદોને સાચવવા પડે - કોરોના સમજે છે...
(કોરોના કારણે 'શિયાળુ સત્ર' રદ્દ)

હાઈકુ

કોરોના ઢાલે -
ચર્ચા-વાક્-યુદ્ધથી
થયો બચાવ!
(સંસદ બંધ)

કરે છે ચિંતા !
જન-પ્રતિનિધિની -
જનેતા જેમ...
(વહાલસોઈ સરકાર)

ચિંતન

વિષાદપ્યમૃતં ગ્રાહ્યં બાલાદપિ સુભાષિતમ્ ।
અમિત્રાદપિ સદ્વૃત્તં અમેધ્યાદપિ કાંચનમ્ ॥

ઉપરોક્ત શ્લોક ઈશોપનિષદમાંથી લેવામાં આવેલ છે.

ઝેરમાંથી પણ અમૃત નીકળી શકે તો લેવું, બાળક પાસેથી પણ સુભાષિત (બુદ્ધિ જ્ઞાન) મળે તો લેવું, ચારિત્ર્યનાં સદ્ગુણો શત્રુ પાસેથી પણ શીખી લેવા, સોનું મળે તો મૂર્ખ માણસ પાસેથી પણ લઈ શકાય.

ઝેરમાંથી પણ અમૂલ્ય દવા બને છે ગુણ તો જ્યાંથી મળે ત્યાંથી ગ્રહણ કરવા જોઈએ.

ક્યારેક બાલક પણ બૌદ્ધિક વાત કરે છે. ચારિત્ર્ય અને જ્ઞાન શત્રુ પાસેથી પણ લેવા જોઈએ. મૂર્ખ પાસેથી પણ સોનું-દ્રવ્ય મળે તો લેવું.

સુવિચાર

- તમે તમારું કામ કરો, તમારું નામ ગજવવાનું કામ તો સફળતા કરશે - **જીવન પાથેય**
- થઈ ગયેલી ભૂલ માટે પ્રાર્થના કરવી સારી છે,
  પણ ભૂલ થયા પહેલા જો પ્રાર્થના કરેલી હોય તો ઘણી ભૂલોથી વેગળા રહી શકાય - **અમૃત બિંદુ**
- જે છીછરું હોય તે ક્યારેક છેતરનારું હોય એટલે જ મહાન પુરુષોને દરિયાદિલ કહેવાય છે
  પણ ઝરણાદિલ ક્યારેય નથી કહેવાતા - **એસ. ભટ્ટાચાર્ય**
- મેઘધનુષ્ય વરસાદ પછી રચાય છે જ્યારે મેઘધનુષ્ય તો સદાકાળ વરસતો રહે છે - **શાંતિ સૌરભ**
- જ્યાં ઉદ્યમ ત્યાં ઉજાસ, જ્યાં આળસ ત્યાં અંધકાર અને બધું જ ખલાસ - **જનકલ્યાણ**
- મનને જોડે છે હવે ભૂતકાળનાં સંભારણાં, ના રહ્યો અસબાબ, કિન્તુ એનાં ભારણ રહી ગયા - **બેફામ**
- આજનું ઔષધ : ચપટી મરી પાઉડર, ચપટી મીઠું ફાકવાથી ઊલટી મટે છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

મહારાષ્ટ્રના વિદ્વાન વૈદિક સંત શ્રીપાદ દામોદર એક કલાકુશળ ચિત્રકાર પણ હતા. રાજા-મહારાજાઓના માટે ચિત્રકામ કરતા. તેમના તૈલચિત્રો માટે રાજાઓ એમને મોટા ઈનામ આપતા જેના વડે તેમનું ગુજરાન ચાલતું. એક સાંજે એમને સ્વયં પ્રેરણા થઈ કે માતૃભૂમિને અંગ્રેજોની ગુલામીમાંથી મુક્ત કરવા વૈદિક જ્ઞાનનો ઉપયોગ કરી રાષ્ટ્રીય ચેતનાનું કામ કરવું. એમને ચિત્રકળાને તિલાંજલિ આપી ભારતીય સ્વતંત્રતા આંદોલનમાં જોડાઈ ગયા. ચિત્રકળાથી આવક બંધ થવાથી પરિવારમાં આર્થિક કટોકટી સર્જાઈ. એક એમના મિત્ર વિનાયક રાવને આ વાતની ખબર પડી. તેઓ તેમને રૂબરૂ મળવા આવ્યા અને તેમના હાથમાં એક હજાર રૂપિયા આપીને કહ્યું, 'ભાઈ, આપ અમારા નગરના રાહબહાદુરનું આબેહુબ તૈલ ચિત્ર બનાવી આપો. અત્યારે એક હજાર રૂપિયા આપો. બાકીની રકમ આપ જે માંગશો તે ચિત્ર બન્યા પછી આપી દઈશ.' મિત્રની વાત સાંભળી દામોદરજીએ એક હજાર પાછા આપતા કહ્યું, 'મહેરબાન, હું દિલગીર છું. હું અંગ્રેજો પાસેથી ખરીદાયેલી રાયબહાદુરની ઉપાધિ પ્રાપ્ત કરેલ કોઈ અંગ્રેજ પરસ્ત વ્યક્તિનું ચિત્ર બનાવીને તેનાથી મળેલા અપવિત્ર ધનનો સ્પર્શ કરતો નથી.' વિનાયકરાવ દામોદરજીની રાષ્ટ્રભક્તિ અને સ્વાભિમાન જોઈ દંગ જ રહી ગયા. પોતાની પાસે ઉત્તમ કળા હોવા છતાં પણ રાષ્ટ્રભક્તિ ખાતર પોતાના સ્વમાનને ને ઘવાવા ન દીધું.

રસીકરણ સંદર્ભે દહેશતભર્યું વાતાવરણ

તંત્રીસ્થાનેથી...

આખી દુનિયા અને સમસ્ત માનવજાત છેલ્લા એકાદ વરસથી એક ખતરનાક વાઈરસ સામે લડી રહી છે. અસંખ્ય લોકો મૃત્યુ પામેલ છે અને એથી ઘણી મોટી સંખ્યામાં સંક્રમિત થયા છે. શરૂઆત ચીનના વુહાનના વેટ માર્કેટથી થઈ પણ પછી ચીન તો સલામત થઈ ગયું અને ચીનની પ્રગતિ નહીં સહી શકનાર અમેરિકા, યુરોપ તથા ભારત જેવા દેશોની દુર્દશા બેઠી છે, જેનો કોઈ કારગત ઉપાય જડતો નથી. બહુ સાચવીને જીવનારી પ્રજામાં સંક્રમણ નિયંત્રણમાં છે, ન્યુઝીલેન્ડ તો કોરોના સંક્રમણથી સર્વથા મુક્ત થઈ ચૂક્યું છે. પરંતુ જ્યાં કોવિડ ગાઈડલાઈનનું પાલન નથી થઈ શક્યું એવા અમેરિકા કે ભારતમાં મૃતાંક અને સંક્રમિત આંકડો સતત વધતો રહ્યો છે. એવું નથી કે સરકારે આ મુદ્દે સમયસર પગલાં ન લીધાં હોય. ભૂલ તો પ્રજા પક્ષે જ થતી રહી છે. માસ્ક જેવી અનિવાર્ય જરૂરિયાત મુદ્દે દંડનીય જોગવાઈ કર્યા પછી પણ અડધોઅડધ પ્રજા માસ્ક વગર, ઉઘાડા મોઢે ફરે છે. જે દંડની ધાકમાં માસ્ક પહેરે છે એ પણ નાક તો ધરાર ખુલ્લું રાખે છે. જો કોરોના વાઈરસ નાક અને મોં મારફત શરીરમાં પ્રવેશવાનો છે તો એવા અધૂરાપધૂરા દાઢી નીચે લટકતા માસ્કનો શો મતલબ? એક અભ્યાસ મુજબ માસ્ક એ અડધી પડધી રમી જેવું કે કામ આપે એછે. પરંતુ અવૈજ્ઞાનિક જીવનશૈલી અપનાવી ચૂકેલ આપણા નેતાઓથી લઈ સામાન્ય માનવીને એની કશી ગતાગમ જ નથી. અનેક નાના મોટા સામાજિક અને રાજકીય પ્રસંગોમાં માસ્ક તથા સોશિયલ ડિસ્ટિંસિંગના ધજાગરા ઊડતા રહે છે. મીડિયા એ મુદ્દો ચગાવે પણ છે પણ પેલા મહાનુભાવોથી લઈ અબુધ, અભણ ગામડિયાઓ એની નોંધ સરખી લેતા નથી. નોંધ લે છે તો કેવળ ન્યાયપાલિકા. એ વારંવાર તંત્રને ટપોરે છે અને કોવિડ ગાઈડલાઈનનું ગંભીરતાપૂર્વક પાલન કરવાના 'આદેશ' પણ આપે છે. એમ છતાં તંત્ર કે પ્રજાના પેટનું પાણી સુદ્ધાં હાલતું નથી. આવી પરિસ્થિતિમાં પણ તમામ પ્રકારની પ્રવૃત્તિઓ જોરશોરથી ચાલતી રહે છે. જાણે કોરોના જેવી કોઈ ચીજ છે જ નહીં - એવા ભ્રમ સાથે લોકો બેદરકારીભર્યું જીવન જીવે છે અને મેર છે! રસી એક માત્ર કારગત ઈલાજ ગણાતી હોવા છતાં હવે જયારે એ હાથવેંતમાં છે ત્યારે એના વિશે અવનવી શંકાકુશંકાઓ શરૂ થઈ ગઈ છે. હિંમતવાન સ્વયંસેવકો સામે ચાલીને ટ્રાયલ માટે પોતાની જાત ધરી દીધી. પરિણામો મહદંશે સાનુકૂળ આવ્યાં છે પણ એકલદોકલ કેસમાં એનું રિએકશન પણ આવેલ છે. હરિયાણાના આરોગ્ય પ્રધાન વિજે ઉત્સાહપૂર્વક ટ્રાયલમાં ભાગ લીધો હતો. અત્યારે તેઓ મેદાન્તા હોસ્પિટલમાં છે. એકાદ વોલંટિયરે તો કરોડો રૂપિયાનો કેસ પણ માંડ્યો છે. વૈજ્ઞાનિકો પાસે આવા એકલદોકલ કેસોમાં થયેલ નકારાત્મક અસરનો કોઈ ખુલાસો નથી. આથી સમસ્ત પ્રજામાં એક દહેશતનું વાતાવરણ પ્રવર્તી રહ્યું છે. શી ખાતરી કે એક-બે ટકા કેસમાં થતી નકારાત્મક અસરમાં આપણો નંબર નહીં લાગી જાય! એથી એક તરફ તંત્ર રસીકરણના વ્યાપક કાર્યક્રમની ભૂમિકા તૈયાર કરવામાં પડ્યું છે ત્યારે સવિશેષ ખુદ સિનિયર સિટીઝનો કે જેમને અગ્રતાક્રમે રસી આપવાનું આયોજન વિચારાઈ રહ્યું છે એ રજિસ્ટ્રેશન કરાવતાં છૂપો ભય અનુભવી રહ્યા છે. ખુદ ડૉકટરો પણ આવી દહેશત અનુભવતા હોય ત્યાં સામાન્ય પ્રજા અનુભવે એવાં શી નવાઈ ? રસીકરણ સાથે સંકળાયેલ જીવના જોખમનો કાલ્પનિક ભય પ્રજાનો સહયોગ મેળવવામાં અવરોધરુપ બની રહેલ છે. તંત્ર પણ પોતાના માથે જવાબદારી રાખવા તૈયાર નથી. જો કોઈ રસી લેવા ન માગતું હોય તો એને બળજબરીપૂર્વક નહીં જ અપાય. રસીકરણ પછી અડધા કલાક સુધી રસી લેનાર વ્યક્તિને ઓબ્ઝર્વેશનમાં રખાશે અને કોઈ નકારાત્મક અસરો જોવા મળશે તો એને પહોંચી વળતા ડૉકટરોની ટીમ તૈયાર હશે. આટલી સાવચેતી છતાં ભાગ્યે જ કોઈ માતાપિતા એના વહાલસોયા બાળકને રસી મુકાવવા તૈયાર થશે - એવું દહેશતભર્યું વાતાવરણ આખરે તો કોરોનાની વિજયકૂચ જ લેખાશે.

ચા તો પીવી જ પડશે...

સહેજ મલકીએ!
અનંત પટેલ

તમને થશે 'ચા' વિશે શું લખવાનું હોય ? કોઇ પ્રેમથી પીવડાવે તો પી લેવાની, એથી વિશેષ શું કહેશો ? અરે ભાઇ ચાના વિષયમાંથી પણ કંઇક મલકવા મળે એવું હોય છે, અમે તો ભાઇ એવું ચોક્કસ અનુભવ્યું છે, તમારી વાત તમે જાણો...લ્યો ત્યારે સાંભળો તો ખરા અમારું અવલોકન...

● ઘણીવાર મહેમાનને તમે ચાનું પૂછો તો એ ધરાળ ના જ પાડી દેશે, 'અરે ના ના, ઘરેથી એક આખો કપ પીને જ નીકળ્યો છું, આજે તો રહેવા દો, ફરી આવીશ ત્યારે જરૂર પીશ...'

આવું બોલે પણ જો તમે જીદ કરીને ચા બનાવી જ દો તો મસ્ત ચા બનાવી છે એમ બોલીને તમે ધરેલો કપ ઘટઘટાવી જ જાય...

● કોઇ મહેમાન તો ચા બાબતમાં એવુંય કહેતા હોય છે કે, 'તમને ખબર નથી નહિ? મેતો ચા ક્યારનીય છોડી દીધી છે, ચાનું તો હવે નામ જ ના લેશો...મારે તો ભઇશાબ કોઇ વ્યસન રાખવું જ નથી...' 'અચ્છા એવું છે? ભલે ભલે, તમને ચાનો આગ્રહ નહિ કરીએ પણ કોઇ દિવસ નહિ ને આજે અમારે ત્યાં ભૂલા પડ્યા છો તો કોફી તો પીવી જ પડશે...' તમે યજમાન તરીકે આવો વિવેક કરો છો. તો એ તરત કહે છે, 'ઠીક છે, હવે તમે બહુ આગ્રહ કરો છો તો કોફી પી નાખશું બસ..!' હજી તો તમે એક જ વાર કોફીનો વિવેક કર્યો છે પણ એ તો એને તમારો આગ્રહ જ માની લે છે અને પ્રેમથી કોફીને ઠપકારી જાય છે. મનમાં તમને એમ થશે કે શું કોફી વ્યસનમાં ન આવે ??

● ઘણા મહેમાન એવા હોય છે કે એમને ચા તો પીવી જ હોય પણ માન માગવાવાળા હોય... તમારી પાસે બે ત્રણ વાર આગ્રહ કરાવે અને પછી તમારા પર ઉપકાર કરતા હોય એમ ચા પીવા તૈયાર થતા હોય છે.

● આજથી ચાલીસ પચાસ વરસ પહેલાં જમાઇ સગાઇ પછી પહેલી વાર સાસરે ગયો હોય ને જો સાસરીમાં એના સસરાનું કુટુંબ લાંબુ પહોળુ હોય તો જમાઇને બધા જ કુટુંબીઓ વારા ફરથી ચા પીવા બોલવતા જ હોય છે... આવા કિસ્સામાં જમાઇએ સાત આઠ ઘરેથી ચાનું રસપાન કરવાનું થાય છે, ને એ બધા ઘેર ઘૂંટો ઘૂટો જ પીએ તો ય બે ત્રણ કપ જેટલી ચા ફરજિયાત પીવી જ પડે...વળી એમાં વિચિત્ર પરિસ્થિતિ તો ત્યારે ઉભી થતી હોય છે કે જ્યારે બે ઘેર ચા મળે ને ત્રીજા ઘેર લીંબુ શરબત તૈયાર હોય...તો વળી કોઇ પ્રેમાળ કુટુંબી જમાઇ ઉપર વધારે હેત વરસાવવા એકલા દૂધનો (?) ઉકાળો પણ બનાવી દે... અહીં તો જમાઇના પેટની બહુ જ ખરાબ હાલત થતી જ હોય છે...

● કેટલેક ઘરે તો યજમાન સ્ત્રી મહેમાનને કંઇ પણ પૂછ્યા વિના એને જે અનુકૂળ હોય તે બનાવીને મૂકી દેતી હોય છે...હવે કોઇ જમાઇએ બાલ્યાવસ્થાથી ચા પીધી જ ન હોય ને એ પૂછ્યા વિના ચા બનાવી દે છે ....જમાઇ એની ચી પીવે નહિ ને પછી એના ઘરના સભ્યો એ ચા મને કે કમને પી જાય...

● કેટલાક મહેમાન તો 'ભાભી આજે તો તમારા હાથની સ્પેશીયલ ચા પીવા જ આવ્યો છું ' એમ કહીને ચાની ફરજિયાત માગણી જ મૂકી દે છે. પછી ભલેને ભાભીને ચા બનાવવી હોય કે ના બનાવવી હોય...!

● કોઇ મહેમાનને ચા સાથે નાસ્તો કરવાની ઇચ્છા હોય તો એ ચા આવ્યા પછી ધીમે ધીમે શરૂ કરે ને એમની સાથેનું કોઇ બાળક ચા પીવાની ઉતાવળ કરે તો એને લડતા હોય એમ બોલે ય ખરા, 'અલ્યા ટીનીયા જપ ને ,ઉતાવળ શું કામ કરે છે ? હમણાં માસી તને નાસ્તો આપે જ છે...' આમ બોલી એ નાસ્તાનો પોતાનો ઇરાદો બહાર પાડતા હોય છે...

● કોઇ યજમાનને ત્યાં મહેમાન જેવા આવીને બેસે કે બે પાંચ મિનિટમાં જ ચા તૈયાર થઇ જાય એટલે મહેમાને સાનમાં સમજી જવાનું કે એમણે જલદી વિદાય લેવાની છે...

લ્યો ત્યારે અમારે ય બપોરની ચા પીવાનો ટાઇમ થયો છે હોં..

મો.૯૮૯૮૪૦૯૦૫૩
anantpatel135@yahoo.com

પ્રાર્થના એ પ્રભુ સાથેનો સીધો સંવાદ છે...

WhatsApp ઓફ ધી વીક
નેહલ ગઢવી

હે પ્રભુ,
અહંકાર, મમતા, રાગ એ બધા
તારી- મારી વચ્ચેના અંતરાયો
વહેલામાં વહેલા દૂર થાઓ,
મને જે કાંઈ શકિત આપેલી છે
તેના કણેકણનો ને સમયની ક્ષણેક્ષણનો
ઉત્તમ ઉપયોગ કરી શકું,
જીવનની છેલ્લી ક્ષણ સુધી
તારું નામ લેતો રહું, તારાં કામ કરતો રહું
એટલી સ્વસ્થતા અને જાગૃતિ આપજો.

પ્રાર્થનામાં સ્નાન, ભોજન અને નિદ્રા એ ત્રણેયની ખૂબીઓ સમાવિષ્ટ છે. ઊંઘથી જે રીતે આ શરીરને આરામ અને ઉત્સાહની અનુભૂતિ થાય તે જ રીતે પ્રાર્થનાથી આ મનને આરામ અને ઉત્સાહ બંનેની પ્રાપ્તિ થાય છે. ભોજનથી શરીરની શુધ્ધિ થાય છે તેમ મનની મલિનતા દૂર કરી પ્રાર્થનાથી મનને શુધ્ધ થાય છે. તો જે રીતે સ્નાન, ભોજન અને નિદ્રા જેવી દૈનિક ક્રિયાઓ આપણે રાબેતામુજબ કરીએ તે જ પ્રમાણે મનની શુધ્ધિ અને સ્વસ્થતા માટે નિયમીતરૂપે પ્રાર્થના કરવી એ અનિવાર્ય પ્રવૃત્તિ છે.

શાળાજીવન દરમિયાન કરવામાં આવતી પ્રાર્થના સૌથી ઉત્તમ પ્રકારની પ્રાર્થના હોય છે. એ પ્રાર્થના કરતી વખતે બાળકના મનમાં ઈશ્વર પ્રત્યેની અપાર શ્રધ્ધા અને દ્રઢ મનોબળના દર્શન સ્વયં ઈશ્વર પણ અનુભવી શકતો હશે ! આમ તો સર્વોત્તમ પ્રાર્થના મૌન છે. તેમ છતાં માણસને ઈશ્વરે જીભ આપી હોવાથી તેનો ઉપયોગ તે સ્વાભાવિકપણે જ કરી લે છે. ભાવનગરની શોભા સમાન કવિ મુકુન્દરાય પારાશર્ય લખે છે તમે,

'હરિ,મને કોકિલ બનાવી વગડે મેલીયો,
વળી તમે વસંત બનીને વિલસ્યા પાસ,
હવે હું મૂંગો કયમ રહું !''

ઈશ્વરે પ્રાણસ્વરૂપ પ્રથમ ભેટ, સ્નેહરૂપ બીજી ભેટ અને આખરે સમજણ આપીને જે સુંદર મનુષ્યજીવનની ભેટ આપણને આપી તેનો પ્રાર્થનારૂપે ઋણસ્વીકાર કરીએ. 'કુશન' હોય કે 'બાઈબલ' હોય, 'ગીતા' હોય કે સંતોના ભજન હોય - તે સર્વ પ્રાર્થના આપણી ભાવના પ્રગટ કરે છે. એ બધી વાણી વરસોથી ઘૂંટાતી આવી છે તેમ જ તેમ અગાધ શકિત પણ રહેલી છે. 'મર્દનં ગુણવર્ધનમ્'. હવે માત્ર આ વાણીનો મર્મ પામવાની જરૂર છે, તેને આત્મસાત્ કરવાની જરૂર છે. પ્રાર્થના એ પરીક્ષામાં ગોખાયેલ અભ્યાસક્રમ સમી ન હોવી જોઈએ. જે પ્રાર્થના ગવાય, બોલાય તેનો અર્થ - ચિંતન - મનન સતત આપણા મનમાં ચાલતા રહેવા જોઈએ. તેનો ગૂઢાર્થ અને ભાવાર્થ સમજયા બાદ તેનો અમલ કરવાની કોશિશ પણ સતત ચાલતી રહેવી જોઈએ. અને આમ જયારે થાય, ત્યારે પ્રાર્થનાની શકિતનો અનુભવ આપણને ખુદને પણ અસરકારક રીતે થાય છે. મહાન સર્જકશ્રી 'ઉશનસ્' ના આ સાદી - સરળ ભાષામાં રહેલી અભિવ્યકિતને સમજીને આત્મસાત્ કરીએ તો એ એક શ્રેષ્ઠ પ્રાર્થના ચોકકસપણે સાબિત થઈ શકશે.

"રામની ભોંયમાં, રામની ખેતરવાડીએ જી,
આપણા નામની અલગ છાપ પાડીએ જી.
રામની વાડી ભોગવવી,ભાઈ, હકકનાં પાઈ નીર ;
સૌને વ્હેંચી ચાખવી આણે રામના ફળની ચીર:
આપણા ભેગાં સૌનાં ભાણાં માંડીએ જી –

પ્રાર્થનામાં આપણે જે ભજનો ગાઈએ છીએ તેના અર્થની બારીક પરીક્ષા અને છણાવટ દ્વારા જ તેને આત્મસાત્ કરી શકાય. વૈરાગ્યની ખોટી વ્યાખ્યા, પરમાર્થનો ખોટો અર્થ, દુર્બળ નિષ્ક્રિયતા, ચિંતન માટે પ્રતિકૂળ એવાં વ્યર્થ વિશેષણો જેવી અનેક જડ માન્યતાઓ અને જૂઠાણાંઓ કેટલાક પ્રપંચી ધર્મગુરૂઓ દ્વારા લોકોમાં રૂઢ કરાવવામાં આવ્યા છે. પ્રાર્થના દ્વારા કોઈ ચમત્કાર સર્જાઈ શકે નહિ. પરંતુ, પ્રાર્થના દ્વારા ચોકકસપણે મનોબળ વધી શકે ખરું ! પ્રાર્થનારૂપી શકિત ભારે આપત્તિની પળે પણ વ્યકિતને પોતાના આદર્શો પરની શ્રધ્ધા ગુમાવવા દેતી નથી પ્રાર્થનાને ઈશ્વર સુધી પહોંચવાનો માર્ગ બનાવીએ. પ્રાર્થના દ્વારા પરમપિતા સાથે સીધો સંવાદ કરીએ. આપણે ગાયને બોલાવવા તેના નામનું ઉચ્ચારણ કીરએ તો તે પણ તરત જ આપણી સામે જુએ છે તો પરમકૃપાળું પરમાત્માને સ્મરીએ તો તે શું આપણા સામું નજર ન નાખે ? પ્રાર્થના એટલે ઈશ્વર પાસેથી કોઈપણ પ્રકારની માગણી કરવી નહિ પરંતુ, તેણે જે આપ્યું છે તેનો આભાર વ્યકત કરવોઈ સર્જકશ્રી અનિરૂધ્ધ બ્રહમભટ્ટ લખે છે તેમ,

"મે કયાં કશુંય ઈચ્છયું તું મારી પાસે ?
ને તોય તેં જલભર્યા વાદળોથી કર્યો મારે શિરે અભિષેક,
ઉષા-સન્ધ્યાના અલપઝલપ રંગોની સુરખી આંજી મારાં નયનમાં,
પર્વતોમાં સંતાકૂકડી રમતી કેડીઓએ
જીવતું રાખ્યું મારું અકેવ કુતૂહલ,
પુષ્પોનાં સુમધુર સ્મિતને માનવોની અમી ઝરતી આંખોએ
કયારેય ના કરમાવા દીધાં મારાં સ્વપ્નોને ..."

પ્રાર્થના નિયમિતતા હોવી અત્યંત જરૂરી બાબત છે. પ્રાર્થના કરવા માટેનો સમય નિશ્ચિત કરી તે નકકી કર્યા મુજબ જ રાબેતા પ્રમાણે કરવાથી એ ટેવરૂપ બની શકશે. જો તેમાં બાંધછોડ કરવામાં આવે તો તેની અસરકારતા ઘટતી જણાશે. અને કપરા કે વિપરીત સંજોગોમાં પણ તટસ્થ રહીને તે જ રૂપે પ્રાર્થના કરવાથી ચોકકસપણે કોઈ દૈવી શકિતનો સાથ અનુભવી શકાય છે. કવિશ્રી હસિત બૂચ લખે છે તેમ,

"રાત થયે આ બારીમાં જે છાનીછાની
તારલિયાની
પાંપણ જોઉં સજળ -
એ તમે નહીં, તો કોણ ?"

પ્રાર્થનાને સામૂહિક જીવનનો ભાગ બનાવવાનું ગાંધીજીએ આપણને શીખવ્યું. ગાંધીજીના આશ્રમોમાં સામૂહિક પ્રાર્થના તે આશ્રમજીવનનો એક ભાગ બની ગઈ. 'ગાંધી' નામના આ મહાન સેનાપતિએ દાંડીકૂચના પ્રારંભ સમયે સમૂહમાં કરેલી પ્રાર્થનાની નોંધ દુનિયાભરના લોકોએ લીધી છે. પ્રાર્થના એ પ્રભુ સાથેનો સીધો સંવાદ છે તેવી દ્રઢ પ્રતીતી ગાંધીજીને હતી. આથી જ એક દિવસ જયારે રાત્રીના બહુ મોડું થયું ત્યારે તેઓ પ્રાર્થના કર્યા સિવાય ઊંઘી ગયા તેનો જાણીતો પ્રસંગ છે. શ્રી મહાદેવભાઈ દેસાઈ નોંધે છે કે ગાંધીજીએ બીજા દિવસે જણાવ્યું કે રાત્રે તેમને યાદ આવ્યું કે તેઓ પ્રાર્થના કર્યા સિવાય સૂઈ ગયા છે. એ યાદ આવતાં જ તેમને કોઈ ગુનો કર્યો હોય તેવી લાગણી થઈ અને તેઓ પરસેવે રેબજેબ થઈ ગયા. પ્રાર્થના નિયમિત રીતે કરવાની કેટલી મોટી અસર આપણા મન અને શરીર પર થતી હશે તેનું જવલંત ઉદાહરણ એ ગાંધીજીનું જીવન છે માત્ર કાળજીએ વાતની લેવી જરૂરી છે કે પ્રાર્થનાના ઠાલા શબ્દોનું મિકેનીકલી ઉચ્ચારણ ન થાય પરંતુ, તે આપણા અંતરને પણ ભીંજવે ! પ્રાર્થના કરનારે સારા ભકત થવાની સાથોસાથ સારા નાગરિક બનવું પણ એટલું જ જરૂરી છે. તો આવો, સૌ સાથે મળીને પ્રાર્થના કરીએ કે હે પ્રભુ ! આજના દિવસનાં કર્તવ્યોને તારા વદનની પ્રસન્નતાના પ્રકાશથી અજવાળજે. અમને એવી આસ્થા આપજે કે રોજેરોજના અતિ સામાન્ય કામમાં પણ દિવ્યતા રહેલી છે.

- nehalgadhavi101@gmail.com

દર વર્ષે વીસ હજારથી વધારે યુવતીઓ લવ જીહાદનો ભોગ

કાયદો અને કાનૂન
અશ્વિન ત્રિવેદી

વારંવાર લવ જીહાદનો ભોગ બનતી યુવતીઓના આત્મહત્યા, હત્યા અને દુર્દશાની વધી રહેલી ઘટનાઓ પર હિન્દુ સમાજે ચિંતા વ્યક્ત કરેલ છે અને સરકાર લવ જીહાદ વિરૂધ્ધ કાયદા લાવે તેવી માંગણી કરેલ છે.

બાહેના-દિકરીઓનો યોજનાબધ્ધ રીતે બળજબરીથી કે છેતરપીંડી આવરીને પોતાની જાળમાં ફસાવી ધર્મ પરિવર્તન કરી લગ્નો કરી ત્યારબાદ ના ઘરના ના ઘાટના કરી તરછોડી દેવામાં આવે છે અથવા આપઘાત કરવા પ્રેરાય તેવા કૃત્યો કરવામાં આવે છે, ક્યારેક આવા બનાવો હત્યા સુધી અંજામ આપવામાં આવે છે. તેવા સમયે સમાજથી, મા-બાપથી તિરસ્કૃત થયેલી ભોગ બનનાર યુવતીની મદદમાં કોઈ આવતું નથી અને કોઈ જ સમાજના ઉઠતા, ન્યાયના માંગતા આખરે કેસનું ભીનું સંકેલાઈ જાય છે અને આરોપી નવો શિકાર શોધવા લાગી જાય છે. આ કડવી પણ વાસ્તાવિકતા છે. કેટલીય યુવતીઓને લવ જેહાદનો ભોગ બનાવી વેશ્યાલયોમાં વેચી મારવામાં આવે છે. અગર તો બળજબરીથી દેહવેપારમાં ધકેલવામાં આવે છે.

લવ જેહાદથી સંપૂર્ણ માનવતા ત્રસ્ત છે. PFI SIMI અને ISI જેવી સંસ્થાઓ આની પાછળ પ્રવૃત્ત છે. મદ્રેશા તથા ધર્મસ્થાનો થી કરોડો રૂપિયાનું ફંડ આ પ્રવૃત્તી પાછળ વાપરવામાં આવે છે અને ઉચ્ચ ન્યાયાલયમાં મોટા વકીલો રોકી આરોપીઓને છોડાવવા આખી ગેંગ સક્રિય બની જાય છે.

લવ જેહાદનો ભોગ બનેલી ૧૧ યુવતીઓનો ઈન્ટરવ્યુ લેતા એક ન્યૂઝ ચેનલ મારફત આખી ઘટનાનો પર્દાફાશ કરવામાં આવ્યો હતો અને યુવતીઓ લગ્ન બાદ કેવી મુશ્કેલીઓનો, યાતનાઓનો સામનો કરે છે કે આત્મહત્યા સિવાય કોઈ જ માર્ગ બચતો નથી.

કેટલાક કિસ્સામાં યુવકની પહેલી પત્નીઓ પણ બીન મુસ્લીમ યુવતીઓને ફસાવવાના કામમાં સામેલ હતી. લગ્ન કરી શોષણ કરી તલાક આપવામાં આવે છે. અગર તો તેને કમાણીનું એક સાધન ગણી બીજી યુવતીને ભોળવવામાં આવે છે.

કેટલીક દેશોમાં સંગઠનો લવ જેહાદના પ્રચાર પ્રસારમાં તન મન ધનથી લાગેલા છે. આ સંગઠનો ભાવનાત્મક રૂપથી કમજોર અને કિશોરવયની બિનમુસ્લીમ યુવતીઓ ખાસ કરીને હિન્દુ દિકરીઓનું બ્રેઈન વોશ કરી ભગાડી જઈ ધર્મ પરિવર્તન કરી લગ્ન કરવા મજબૂર કરે છે.

કેટલાક કિસ્સાઓમાં તો યુવકોને પણ યુવતીઓ દ્વારા ફસાવી લવ જેહાદનો ભાગ બનાવી આતંકવાદી સંગઠનોમાં સામેલ કરી દેશદ્રોહની પ્રવૃત્તિઓમાં લગાડી દેવામાં આવે છે. માત્ર ભારતમાં જ નહી, પરંતુ વિદેશોમાં પણ લવ જેહાદની ગતિવિધી પૂરજોશમાં ચાલુ છે. બ્રિટનમાં આ પ્રવૃત્તીઓ બને છે. જેમાં યુ.કે. પોલીસ ની નોંધ મુજબ "Police Protect girls Forced to Convert to Islam"નું સૂત્ર બહાર પાડવામાં આવેલ. ગલ્ફા જોજીસ ના સંપાદક ખૂદે આ બાબતની કબૂલાત કરી છે. આ માટે આરબ દેશોમાંથી રૂપિયા તથા ફંન્ડીંગ હવાલા મારફત અન્ય દેશોમાં પહોંચાડવામાં આવે છે. ભારતમાં ઈસ્લામિક સ્ટેટની સ્થાપના માટે છૂપા એજન્ડા તરીકે લવ જેહાદ નો ઉપયોગ હથિયાર તરીકે જ કરવામાં આવે છે. PPF નો કિસ ઓફ લવ કમ્પેન શરૂ કરવામાં મહત્વનો ફાળો સાબિત થયેલ છે.

ઉત્તર પ્રદેશ સરકારે લવ જેહાદ તથા ધર્માતરણ પ્રવૃત્તિને ડામવા કડક કાયદાની અમલવારી ચાલુ કરેલ છે તેની માંગ દેશના દરેક રાજ્યોમાં ઉઠવા પામી છે.

ન્યાયાલયોએ પણ માન્યું છે કે લવ જેહાદ થાય છે. ઉત્તર પ્રદેશ માં આટલા મોટા પ્રમાણમાં પ્રવૃત્તિઓ દ્વારા ઈસ્લામ કેમ કબૂલ કરવામાં આવ છે ? તેનું કારણ સરકારને પૂછતા આખો મામલો કાયદાનું સ્વરૂપ પકડ્યું છે. ક્યારેય કોઈ મુસ્લીમ યુવક અન્ય ધર્મ કેમ અપનાવતા નથી ? તેઓ કેમ હિન્દુ ધર્મ અપનાવતા નથી ? જબરદસ્તીથી ધર્મ પરિવર્તન કરવા અટકાવવા કોઈ નક્કર કાયદો અમલમાં નથી. જો વિધાનસભામાં પાસ થયા પછી રાષ્ટ્રપતિના હસ્તાક્ષર થવા જરૂરી છે. આ કાયદાઓ સુપ્રિમ કોર્ટમાં પણ પડકારી શકાય છે. રાષ્ટ્રપતિના હસ્તાક્ષર પછી પણ આવા કાયદાઓને સુપ્રિમ કોર્ટમાં પડકારી શકાતા હોય કાયદાની છટકબારીથી અત્યાર સુધી લવ જેહાદના આરોપીઓ મુક્ત ફરતા હતા.

ભારતના પાડોશી દેશોમાં પણ નેપાલ, મ્યાનમાર, ભૂતાન, શ્રીલંકા અને પાકિસ્તાન શુધ્ધામાં ધર્મ પરિવર્તનના કેસોમાં ચિંતાજનક રીતે વધારો થતા ત્યાંની સરકાર પણ ચિંતિત છે.

લવ જેહાદ તથા જબરદસ્તી ધર્મ પરિવર્તન કરનાર આજીવન કેદની સજાની જોગવાઈની માંગ ઉઠવા પામી છે.

આઝાદી પછી જબરદસ્તી ધર્મ પરિવર્તનને રોકવા માટે પ્રથમવાર ૧૯૫૪માં લોકસભામાં ભારતીય ધર્માતરણ નિયમન તથા નોંધણી બિલ લાવવામાં આવ્યુ, પરંતુ તે પાસ ના થયું ત્યારબાદ ૧૯૬૦ અને ૧૯૭૯માં પણ આ બીલ બહુમતીના અભાવમાં પાસ થઈ શક્યું નથી. હાલમાં સરકારમાં બહુમતી છે જોવાનું રહ્યું કે આ બીલ પાસ કરવામાં સફળતા મળે છે કે નહી. લવ જીહાદને રોકવા માટે સ્પે. મેરેજ